સરકારી કોલેજોની ભરાયેલ શૈક્ષણિક
હંગામી જગાઓ વધુ મુદતે ચાલુ
રાખવા અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ જીસીઓ/૧૫૧૯/CHE-૨૨૮/ખ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫.૦૭.૨૦૨૧

વંચાણે લીધાઃ-

૧) વિભાગનો તા.૧૯.૦૬.૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃ જીસીઓ/૧૫૧૯/CHE-૨૨૮/ખ
૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૧૯.૦૬.૨૦૨૧નો પત્ર ક્ર- ઉશિક/મકમ-૩/હંશૈજ/૦૧/૨૦૨૧/૬૪૫૧

ઠરાવ -

શિક્ષણ વિભાગ હેઠળની સરકારી વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદા અને બી.એડ. વિદ્યાશાખાની કોલેજોની શૈક્ષણિક ભરેલી ૯૦૭ જગાઓ તા.૦૧.૦૩.૨૦૨૦ થી તા.૨૮.૦૨.૨૦૨૧ સુધી ચાલુ રાખવાની વંચાણે લીધેલા ક્રમાંક-(૧)ના ઠરાવથી મંજૂરી આપવામાં આવી હતી. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી દ્વારા પત્રક-ક મુજબ ભરેલી હંગામી જગ્યાઓ ૯૮૫.૫, પત્રક – ખ મુજબ ૦૧ વર્ષથી ઓછા સમયથી ખાલી જગ્યા ૬૨.૫, પત્રક-ગ મુજબ ૦૧ થી ૦૩ વર્ષ સુધીની ખાલી જગ્યા (સ્થગિત જગાઓ) ૧૩૧.૫ અને પત્રક-ઘ મુજબ ૦૩ વર્ષથી વધારે સમયથી ખાલી જગ્યા ૧૦.૦૦ એમ કુલ-૧૧૮૯.૫ શૈક્ષણિક ભરેલી/ખાલી હંગામી જગાઓને તા.૦૧.૦૩.૨૦૨૧ થી તા.૨૮.૦૨.૨૦૨૨ સુધી વધુ મુદતે ચાલુ રાખવાની મંજુરી આપવા ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – (૨)ના પત્રથી દરખાસ્ત કરી હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨./- પુખ્ત વિચારણાના અંતે, આ સાથેના પત્રક-ક મુજબ સરકારી કોલેજોની કુલ ૯૮૫.૫ ભરેલી શૈક્ષણિક હંગામી જગાઓને તા.૦૧.૦૩.૨૦૨૧ થી તા ૨૮.૦૨.૨૦૨૨ સુધી વધુ મુદતે ચાલુ રાખવાની નીચેની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ-

૧. આ જગાનો ખર્ચ વિભાગની આ હેતુ માટેની સને ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.
૨. નાણા વિભાગ દ્વારા છુટી કરવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

સરકારી વિ. અને વા. કોલેજ, ખેરગામ
આવક નંબર 390
તારીખ 19/7/2021

Scanned by CamScanner

Scanned with OKEN Scanner

૩. હંગામી જગા જે હેતુ માટે મંજુર થયેલ હોય તે જ હેતુ માટે તે જગાએ ઉપયોગ કરવાનો રહેશે.

૪. હંગામી જગાની મુદત પુરી થવાના ૨ માસ અગાઉ જગા ચાલુ રાખવાની જરૂરિયાત હોય તો પૂરતા વાજબીપણા સાથે દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

૫. એક(૧) વર્ષ કરતાં વધારે સમયથી ખાલી જગા ABEYANCE માં મૂકવાની રહેશે અને ત્રણ(૩) વર્ષ કરતાં વધારે સમયથી ખાલી જગાઓ રદ કરવાની રહેશે.

૬ ABEYANCE માં મૂકાયેલી જગ્યા નાણા વિભાગની પૂર્વ મંજુરી વિના ભરી શકાશે નહીં.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી(શિક્ષણ)ની તા.૦૭.૦૭.૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બી.એસ.પરમાર)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ : પત્રક- ક

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુ.રા.,ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- આચાર્યશ્રી સંબંધિત કોલેજ (ઉ.શિ. નિયામકશ્રીની કચેરી મારફત)
- સંબંધિત પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,(ઉ. શિ. નિયામકશ્રીની કચેરી મારફત)
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.
- ના.સે.અ. સિલેકટ ફાઈલ

ક્રમાંક: ઉશિક/મકમ-૩/હંગેજ/૨૦૨૧/8104 - 214
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી.
બ્લોક નં. ૧૨/૨, ડો. જીવરાજ મહેતા ભવન
ગુ.રા., ગાંધીનગર
તા. 16/૦૭/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ કરવા સારૂ.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,

- આચાર્યશ્રી, સબંધિત સરકારી કોલેજો.
- સબંધિત પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી.

Scanned with OKEN Scanner

## શિક્ષણ વિભાગ ક્રમાંક: જીસીઓ/૧૫૧૯/CHE-૨૨૮/ખ, તા.૧૫/૦૭/૨૦૨૧

## સાથેનું બિડાણ:

### પત્રક-ક

શૈક્ષણિક કર્મચારીઓની હંગામી જગ્યાઓ તા:28/02/2022 સુધી ચાલુ રાખવાની માહિતી દર્શાવતું પત્રક :

| અ.નં. | કોલેજનું નામ | હંગામી જગ્યાનું નામ | પગાર ધોરણ | હંગામી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|
| 1 | સરકારી વિનયન કોલેજ,સેકટર-૧૫, ગાંધીનગર | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 2 | સરકારી વિનયન કોલેજ,સેકટર-૧૫, ગાંધીનગર | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 25.5 |
| 3 | સરકારી વિનયન કોલેજ,સેકટર-૧૫, ગાંધીનગર | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |
| 4 | સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 5 | સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 16.0 |
| 6 | સરકારી વિજ્ઞાન કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |
| 7 | સરકારી વાણિજય કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 8 | સરકારી વાણિજય કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 11.0 |
| 9 | સરકારી વાણિજય કોલેજ, સેકટર-૧૫, ગાંધીનગર | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |
| 10 | ગુજરાત કોમર્સ કોલેજ (સવારની) અમદાવાદ. | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 18.0 |
| 11 | ગુજરાત કોમર્સ કોલેજ (સવારની) અમદાવાદ. | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |

Scanned with OKEN Scanner

| | | | | |
|---|---|---|---|---|
| 192 | સરકારી વિજ્ઞાન કોલેજ, વાલોડ | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 4.5 |
| 193 | સરકારી વિજ્ઞાન કોલેજ, વાલોડ | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |
| 194 | સરકારી વિનયન કોલેજ, ઉચ્છલ | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 195 | સરકારી વિનયન કોલેજ, ઉચ્છલ | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 8.0 |
| 196 | સરકારી વિજ્ઞાન કોલેજ, સોનગઢ | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 197 | સરકારી વિજ્ઞાન કોલેજ, સોનગઢ | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 9.0 |
| 198 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 199 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 21.0 |
| 200 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંસદા | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |
| 201 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, તા.ચીખલી | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 202 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, તા.ચીખલી | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 16.0 |
| 203 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ, તા.ચીખલી | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |
| 204 | સરકારી વિજ્ઞાન કોલેજ, ચિખલી | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 205 | સરકારી વિજ્ઞાન કોલેજ, ચિખલી | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 10.0 |
| 206 | સરકારી વિજ્ઞાન કોલેજ, ચિખલી | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |
| 207 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડ, તા.ઉમરગામ | આચાર્ય | ૧૪૪૨૦૦-૨૧૮૨૦૦ | 1.0 |
| 208 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડ, તા.ઉમરગામ | મદદનીશ પ્રાધ્યાપક | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 13.0 |
| 209 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડ, તા.ઉમરગામ | પી.ટી.આઇ. | ૫૭૭૦૦-૯૨૫૦૦ | 1.0 |

Scanned with OKEN Scanner